eMAGAZINE
SURAT MUNICIPAL CORPORATION

Issue 230
May 28, 2010

## નોર્થ ઝોન(કતારગામ) ની કામગીરી

નોર્થઝોન (કતારગામ) વિસ્તારમાં, તા. ૨૧/૦૫/૨૦૧૦ નાં રોજ કરવામાં આવેલ દબાણ હટાવ ઝુંબેશ હેઠળની કામગીરીની વિગત નીચે મુજબ છે ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત) ની કામગીરી

અત્રેનાં સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત) વિસ્તારમાં સમાવિષ્ટ સુચિત ડ્રા.ટી.પી.સ્કીમ નં.૬૧ (પરવત–ગોડાદરા)ના ફા.પ્લોટ નં.૧૮ વાળી મિલ્કતમાં આવેલ રત્નપ્રભા સોસા. ના સબપ્લોટ નં.૧૮/બી તથા ૧૯/એ ના મિલ્કતદાર ધ્વારા સુરત મહાનગરપાલિકાની પરવાનગી વિના કરવામાં આવતા ગેરકાયદેસર બાંધકામ અન્વયે અત્રેથી કાયદેસરની કાર્યવાહી કરી ધી. બી. પી. એસ. સી. એકટ ૧૯૪૯ ની કલમ નં.૨૬૦(૧)(અ) મુજબ તા. ૧૧/૦૨/૦૮ના રોજ નોટીસ આપી સદરહુ બાંધકામ અટકાવવામાં આવેલ ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સાઉથ વેસ્ટ ઝોન(અઠવા) ની કામગીરી

સાઉથ વેસ્ટ (અઠવા) ઝોનમાં આવેલ ટાઉન પ્લાનીંગ સ્કીમ નં. ૬ (મજુરા–ખટોદરા) રૂપાલી નહરેની લાગુ સાંઈ નગર ઝુંપડપટ્ટીમાં આવેલ કુલ ૩૨૬ ઝુંપડાનાં કાચા પાકા બાંધકામને દૂર કરવાની કાર્યવાહી આજ રોજ તા. ૨૫/૦૫/૨૦૧૦ નાં રોજ સુરત મહાનગરપાલિકાનાં અઠવા ઝોન તરફથી હાથ ધરવામાં આવી હતી ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સેન્ટ્રલ ઝોનની કામગીરી

સુરત મહાનગરપાલિકાનાં સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં ભાગાતળાવ સીંધીવાડમાં ઓપન સ્પેસ અને ગાર્ડનનાં હેતુનાં ૦–૧૮ રીઝર્વેશન પ્લોટ પર થતાં પાર્કિંગમાં કેબીનો તથા કાઉન્ટરો ગોઠવીને પાર્કિંગમાં ધંધાકીય ઉપયોગ શરૂ કરતાં અત્રેથી કુલ–૩૪ કેબીનો/કાઉન્ટરો સ્થળ પરથી દૂર કરી દબાણ ગોડાઉનમાં જમા લેવામાં આવેલ છે ...

વધુ માટે કલીક કરો >>>>>>

## ભારતની વસતિ ગણતરી ૨૦૧૧

રાજયમાં ૨૧ એપ્રિલથી વસતિ ગણતરીની મહત્વની કામગીરી ચાલે રહી છે *આપણી વસતિ ગણતરી આપણું ભવિષ્ય* ...

વધુ માટે કલીક કરો >>>>>>

## નોર્થ ઝોન(કતારગામ) ની કામગીરી

નોર્થઝોન (કતારગામ) વિસ્તારમાં, તા. ૨૧/૦૫/૨૦૧૦ નાં રોજ કરવામાં આવેલ દબાણ હટાવ ઝુંબેશ હેઠળની કામગીરીની વિગત નીચે મુજબ છે.

નોર્થઝોન (કતારગામ) વિસ્તારમાં આવેલ સીંગણપોર ચાર રસ્તા–સીંગણપોર માર્કેટ, કોઝવે, સીંગણપોર ગામ, વાસ્તાદેવડી રોડ, પારસ માર્કેટ તથા કુબેર નગર વિસ્તારમાંથી દબાણ હટાવ ઝુંબેશ આદરી સાંજે ૬.૦૦ થી ૧૦.૩૦ કલાક દરમ્યાન ખાસ દબાણ હટાવ ઝુંબેશ હેઠળ કુલ ૮૭ લારી–ગલ્લાંઓ જપ્ત કરી અત્રેના ગાયત્રી ડેપો પર જમા લેવામાં આવેલ છે.

**TOP**

## સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત) ની કામગીરી

અત્રેનાં સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત) વિસ્તારમાં સમાવિષ્ટ સુચિત ડ્રા.ટી.પી.સ્કીમ નં.૬૧ (પરવત–ગોડાદરા)ના ફા.પ્લોટ નં.૧૮ વાળી મિલ્કતમાં આવેલ રત્નપ્રભા સોસા. ના સબપ્લોટ નં.૧૮/બી તથા ૧૯/એ ના મિલ્કતદાર ધ્વારા સુરત મહાનગરપાલિકાની પરવાનગી વિના કરવામાં આવતા ગેરકાયદેસર બાંધકામ અન્વયે અત્રેથી કાયદેસરની કાર્યવાહી કરી ધી. બી. પી. એસ. સી. એકટ ૧૯૪૯ ની કલમ નં.૨૬૦(૧)(અ) મુજબ તા. ૧૧/૦૨/૦૮ના રોજ નોટીસ આપી સદરહુ બાંધકામ અટકાવવામાં આવેલ. હાલમાં ફરી મિલ્કતદાર ધ્વારા ગેરકાયદેસર બાંધકામ શરૂ કરવામાં આવતાં અત્રેથી રૂબરૂ મૌખિક સુચના આપી સદર બાંધકામ બંધ કરવા સમજ આપવામાં આવેલ. તેમ છતાં મિલ્કતદાર તરફથી સદર સ્થળ ઉપર જાહેર રજાના દિવસમાં ગેરકાયદેસર બાંધકામ ચાલુ રાખવામાં આવેલ. જે અન્વયે આજરોજ તા.૨૪/૦૫/૧૦ના રોજ કલમ ૩૮૭ મુજબ એન્ટ્રી નોટીસ આપી ગેરકાયદેસર બાંધકામ સ્થળ પરથી દુર કરવાની કાર્યવાહી ઝોનના શહેર વિકાસ દબાણ સ્ટાફ ધ્વારા શરૂ કરવામાં આવેલ જે દરમ્યાન સ્થળ પર મિલ્કતદાર તથા અન્ય ઈસમો ધ્વારા સરકારી કામકાજમાં અડચણરૂપ થઈ સ્થળ પર હાજર કર્મચારીઓ ઉપર હુમલો કરી શારીરિક ઈજા કરવામાં આવેલ. જે અંગે લિંબાયત પોલીસ સ્ટેશનમાં કબ્જેદાર વિરૂધ્ધ સરકારી કામમાં રૂકાવટ અંગેની ફરીયાદ દાખલ કરવામાં આવેલ ત્યારબાદ સ્થળ ઉપર પોલીસ બંદોબસ્ત સીકયુરીટી તથા ફાયર સ્ટાફ મેળવી સુરત મહાનગરપાલિકા ધ્વારા ૧૨.૦ મી × ૯.૦ મી. માપ વિસ્તારનું તમામ ગેરકાયદેસર બાંધકામ દુર કરવામાં આવેલ છે.

TOP

## સાઉથ વેસ્ટ ઝોન(અઠવા) ની કામગીરી

સાઉથ વેસ્ટ (અઠવા) ઝોનમાં આવેલ ટાઉન પ્લાનીંગ સ્કીમ નં. ૬ (મજુરા–ખટોદરા) રૂપાલી નહરેની લાગુ સાંઈ નગર ઝુંપડપટ્ટીમાં આવેલ કુલ ૩૨૬ ઝુંપડાનાં કાચા પાકા બાંધકામને દૂર કરવાની કાર્યવાહી આજ રોજ તા. ૨૫/૦૫/૨૦૧૦ નાં રોજ સુરત મહાનગરપાલિકાનાં સાઉથ વેસ્ટ(અઠવા) ઝોન તરફથી હાથ ધરવામાં આવી હતી. મંજુર પુનરાવર્તિત વિકાસ યોજના મુજબ સદરહુ કેનાલ પરનાં ૬૦.૦ મીટરની પહોળાઈનાં કેનાલ કોરીડોર પરની બી.આર.ટી.એસ. યોજના અંતર્ગત અડચણરૂપ ઝુંપડા દૂર કરવામાં આવેલ છે. સદર કાર્યવાહી સાઉથ વેસ્ટ (અઠવા)ઝોનનાં ટેકનીકલ સ્ટાફ, લીંબાયત ઝોન, રાંદેર ઝોનનાં સ્ટાફ અને સ્થાનિક લોકોનાં સહકારથી પાર પાડવામાં આવેલ છે.

સાઉથ વેસ્ટ (અઠવા) ઝોનનાં ડે.કમિશ્નરશ્રી (સ્પે.) પ્રદિપસિંહ જે. ઝાલાનાં માર્ગદર્શન અને કાર્યપાલક ઈજનેરશ્રી એ.જી.ખાટીવાલાનાં નેતૃત્વ હેઠળ સદર કામગીરી કરવામાં આવી છે. આ કામગીરીથી બી.આર.ટી.એસ. યોજનાની કામગીરી સરળ બનશે.

TOP

## સેન્ટ્રલ ઝોનની કામગીરી

સુરત મહાનગરપાલિકાનાં સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં ભાગાતળાવ સીંઘીવાડમાં ઓપન સ્પેસ અને ગાર્ડનનાં હેતુનાં ૦–૧૮ રીઝર્વેશન પ્લોટ પર થતાં પાર્કિંગમાં કેબીનો તથા કાઉન્ટરો ગોઠવીને પાર્કિંગમાં ધંધાકીય ઉપયોગ શરૂ કરતાં અત્રેથી કુલ–૩૪ કેબીનો/કાઉન્ટરો સ્થળ પરથી દૂર કરી દબાણ ગોડાઉનમાં જમા લેવામાં આવેલ છે.

વધુમાં કાદરશાની નાળ, નાનપુરા વિસ્તારમાં કબાડીનો સામાન ગોઠવીને જાહેર રસ્તો રોકીને વાહન વ્યવહારને અડચણરૂપ થાય તે રીતે ધંધો કરતાં હોવાથી અત્રેથી નીચે મુજબનો સામાન સ્થળ પરથી દૂર કરી દબાણ ગોડાઉનમાં જમાં લેવામાં આવેલ છે.

- ખુરશી નંગ–૩૫
- ટિપોઈ નંગ–૧૦
- સોફા નંગ–૦૯
- પલંગ નંગ–૦૪
- કબાટ નંગ–૦૩
- ટેબલ નંગ–૦૧
- એ.સી.–૦૧
- લારી–૦૨
- લુઝ સામાન–બે ટ્રક

ઉપરોકત કામગીરી સેન્ટ્રલઝોનનાં તમામ ટેકનીકલ સ્ટાફ તથા સીકયુરીટી સ્ટાફ તથા પોલીસ સ્ટાફની મદદથી સફળતાપૂર્વક પાર પાડવામાં આવેલ છે.

TOP

# ભારતની વસતિ ગણતરી ૨૦૧૧

રાજયમાં ૨૧ એપ્રિલથી વસતિ ગણતરીની મહત્વની કામગીરી ચાલે રહી છે.

**શું તમારા ઘરની ગણતરી થઈ ગઈ, કે બાકી છે ?**

જો કોઈ પણ કારણસર તમારા ઘરની ગણતરી કરવાની બાકી રહી ગઈ હોય

કે તમારા ઘરના બધા જ સભ્યોની માહિતી નોંધવામાં ન આવી હોય તો

આજે જ ટોલીફ્રી નંબર 1800 3450 111 પર ફોન કરીને

આપનો વિસ્તાર, સરનામું, ફોન નંબર અને આપની વસતિ ગણતરી સંબંધિત

સમસ્યા જણાવો.

આ નંબર પર ફોન કરવા માટે તમને કોઈ ચાર્જ લાગશે નહીં.

**આપણી વસતિ ગણતરી આપણું ભવિષ્ય**

મુખ્ય વસતિ ગણતરી અધિકારી

TOP